# રાજ્યમાં કોરોનાનાં નવા ૧૨૫૯ કેસ

## કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૦૯ ટકા : રાજ્યમાં ૫૮૫૮ એક્ટિવ કેસ છે, જે પૈકી ૧૬ નાગરિકો વેન્ટિલેટર ઉપર છે અને ૫૮૪૨ નાગરિકો સ્ટેબલ છે

ગાંધીનગર તા.૩

ગુજરાતમાં દિવસેને દિવસે કોરોનાનો આંકડો સતત મોટો થઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાનાં નવા ૧૨૫૯ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૫૧ દર્દીઓ સાજા થયા છે.

આ ઉપરાંત ૮,૧૯,૦૪૭ નાગરિકો અત્યાર સુધી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કે બીજી તરફ સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૭,૪૬,૪૮૫ નાગરિકોનું રસીકરણ થઈ ચુક્યું છે. રાજ્યમાં આજથી ૧૫-૧૮ વર્ષના વ્યક્તિઓનું પણ રસીકરણ શરૂ થઈ ચુક્યું છે. જેના પગલે ૪,૯૪,૩૧૭ રસીના ડોઝ તરૂણોને આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૫૮૫૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૫૮૪૨ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૯,૦૪૭ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૧૨૩ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૩ નાગરિકોનાં મોત થયા છે. જે પૈકી જામનગરમાં કોર્પોરેશનમા ૨ તથા નવસારીમાં એક નાગરિકનું મોત નિપજ્યું હતું.

હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૮ ને રસીનો પ્રથમ, ૩૩૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૬૬૪૧ નાગરિકોને રસીનો પ્રથમ ૨૮૭૧૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૩૮૧૭૪ નાગરિકોને રસીનો પ્રથમ અને ૭૮૨૭૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના ૪૭૪૩૧૭ તરૂણોને રસીના ડોઝ અપાયા હતા. આ પ્રકારે આજના દિવસમાં ૭,૪૬,૪૮૫ કુલ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૦૪,૩૫,૩૭૩ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

આજે નોંધાયેલા ૧૨૫૯ કેસ પૈકી ૬૩૧ અમદાવાદ, ૨૧૬ સુરત કોર્પોરેશન, ૬૭ વડોદરા કોર્પોરેશન, ૪૦ વલસાડ, ૩૭ રાજકોટ કોર્પોરેશન, ૨૯ આણંદ, ૨૪ ખેડા, ૨૪ રાજકોટ, ૧૮ ગાંધીનગર કોર્પોરેશન, ૧૭ ભાવનગર કોર્પોરેશન, ૧૬ ભરૂચ, ૧૬ નવસારી, ૧૩ અમદાવાદ, ૧૨ મહેસાણા, મોરબી અને સુરત, કચ્છ ૧૧, ગાંધીનગર ૧૦, જામનગર ૯, જામનગર કોર્પોરેશન ૮, વડોદરા ૭, મહીસાગર ૬, ગીર સોમનાથ ૫, સાબરકાંઠા ૪, અમરેલી સુરેન્દ્રનગર અને તાપીમાં ૩-૩, દેવભૂમિ દ્વારકા ૨, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, દાહોદ, જુનાગઢ અને પોરબંદમરાં ૧-૧ કેસ નોંધાયા છે.

# “અકસ્માતમાં વધુ નુકશાન થયું છે બીજા પૈસા આપ” કહી યુવકને માર માર્યો

ગાંધીનગર, તા.૩

અકસ્માત સમયે ગાડીને થયેલા નુકશાનના રૂપીયા ચુકવી દીધા બાદ પણ વધુ રૂપીયાની યુવક પાસે માંગણી કરતા યુવકે રૂપીયાની આપવાની ના પાડતા યુવકને ગાળો બોલીને ગડદા પાટુનો માર મારી, ફોનની ડિસ્પ્લે તોડી નાંખી પાઈપ પગે મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા કાર ચાલક સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેક્ટર-૭ સી પ્લોટ નં.૭૨૦-૧ ખાતે રહેતા સિધ્ધાર્થ જાદવ સરકારી નોકરીની તૈયારી કરે છે અને મોટાબાપાના દિકરા સાથે છેલ્લા આઠ માસથી ગાંધીનગર ખાતે રહે છે. સિધ્ધાર્થ મકાન ભાડે રાખવાનું હોવાથી એકટીવા લઈને ઘરેથી નીકળ્યો હતો તે સમયે ત્રિમોલીક રેસ્ટોરન્ટ રીલાયન્સ ચોકડી કુડાસણ તરફ જઈ રહ્યો હતો તે સમયે ચાર દિવસ પહેલા એસેન્ટ ગાડી સાથે અકસ્માત થયો હતો. તે સમયે સમાધાન પેટે રૂ.૫૫૦૦ રોકડા આપી દીધા હતા. તે એસેન્ટ ગાડીના ચાલક તેને મળી ગયા હતા. અકસ્માતમાં વધુ નુકશાન થયું છે બીજા પૈસા આપ. જેથી યુવકે વધુ પૈસા ન હોવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને જેમ ફાવે તેમ ગાળો બોલીને ઝપાઝપી કરી હતી. ગાડીમાંથી પાઈપ કાઢીને યુવકને બંન્ને પગે મારી હતી. કપાળમાં પાઈપ મારવા જતા હાથ ઉંચો કરતા પાઈપ હાથ પર વાગી હતી. આ માથાકુટ સમયે આસપાસના વિસ્તારમાંથી નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જેથી મારામારીમાં ફોનની ડિસ્પ્લે પણ તોડી નાંખી હતી. જયારે કાર ચાલક જતા જતા યુવકને પૈસા આપી દે નહીતર ગાંધીનગરમાં રહેવા નહી દઉ. યુવકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયારે યુવકે કાર ચાલક પટેલ ભાઈ નામના શખ્સ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# બીએસએફ વિશ્વનું સૌથી મોટું સીમા સુરક્ષા પરિવાર : હર્ષ સંઘવી

## બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર યુનિટ આયોજિત ગાંધીનગરથી ઇમ્ફાલ સુધીની ૩,૦૪૦ કિ.મી. લાંબી સાયક્લોથોનને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવતા ગૃહ રાજ્યમંત્રી : ૪૯ દિવસે સાયક્લોથોન ઇમ્ફાલ પંહોચશે : વિવિધ સાત અર્ધલશ્કરી દળોના ૭૫ જવાનો જોડાયા





ગાંધીનગર તા.૩

આઝાદીના અમૃત મહોત્સવ અને ફિટ ઈન્ડિયા અંતર્ગત બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર યુનિટ દ્વારા આયોજિત ગુજરાતની રાજધાની ગાંધીનગરથી મણિપુરની રાજધાની ઈમ્ફાલ સુધી ૩,૦૪૦ કિલોમીટર લાંબી ‘ફિટ ઈન્ડિયા સાયક્લોથોનદ્બનું આજે બીએસએફ કેમ્પસ, ગાંધીનગરથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પોલીસના વડા આશિષ ભાટિયા, ભારતીય વાયુદળ, આર્મી, ભારતીય તટરક્ષકદળ સહિત બીએસએફના ઉચ્ચ અધિકારીઓ-જવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

‘ફિટ ઈન્ડિયા સાયક્લોથોનદ્બમાં ભાગ લેનાર ૭૫ સાયકલવીરોને અભિનંદન આપી શુભેચ્છાઓ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે "ગુજરાતની ધરતી પર સાયકલ રેલીમાં દેશભરમાંથી ભાગ લેવા આવેલા બીએસએફ, સીઆઈએસએફ, સીઆરપીએફ, આઈટીબીપી, એનએસજી, એસએસબી અને આસામ રાઈફલ્સના જવાનોની હાજરીથી મીની ભારતના દર્શન થયા છે. ગુજરાતને સ્પર્શતી આંતરરાષ્ટ્રીય સીમા-સરહદી સુરક્ષામાં બીએસએફ અને ગુજરાત પોલીસનું પ્રદાન ખૂબ મહત્વનું છે. ગુજરાતીઓ વતી સુરક્ષા જવાનોને વંદન કરતાં મંત્રીએ કહ્યું હતું કે, "બીએસએફ, ગુજરાત પોલીસ સહિતના સુરક્ષાદળોના પરીણામે ગુજરાતીઓ આજે શાંતિ-સુરક્ષાનો અહેસાસ કરી રહ્યાં છે, બીએસએફ વિશ્વનું સૌથી મોટું સીમા સુરક્ષા પરિવાર છે. ગાંધીનગર સ્થિત સુરક્ષાદળોના જવાનો અને તેમના પરિવારોને સન્માન આપી પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકારના યુવા-સાંસ્કૃતિક વિભાગ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આગામી સમયમાં આયોજન કરવામાં આવશે." સાયકલ પ્રસ્થાન કાર્યક્રમમાં જવાનો દ્વારા આસામનું પારંપારિક નૃત્ય બિહુ, પંજાબનું ભાંગડા નૃત્ય, દેશભક્તિના ગીતો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સાઈક્લોથોનમાં જોડાયેલા ૭૫ સાયકલિસ્ટોમાં બીએસએફના ૧૫ ઉપરાંત સીઆરપીએફ, આઈટીબીપી, એસએસબી, સીઆઈએસએફ, એનએસજી અને અસમ રાઈફલ્સના ૧૦ - ૧૦ જવાનો જોડાયાં છે.

# બીવીજી એગ્રોટેક અને ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી વચ્ચે એમ.ઓ.યુ.

ગાંધીનગર તા.૦૩

સુશાસન સપ્તાહ કાર્યક્રમ અંતગ્રત બીવીજી એગ્રોટેક પ્રા.લિ. અને ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી વચ્ચે પીપીપી ધોરણે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું હતું. તાજેતરમાં રાજકોટ ખાતે કરાયેલા આ એમઓયુથી ખેડૂતોને પોતાના ગામમાં જ ઈ-ગ્રામ થકી ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી વિશ્વસ્તરની ખેતી વિષયક ઓર્ગેનિક પ્રોડકટ્સ તેમજ જાણકારીનો લાભ મળી રહેશે. આ પ્રોજેકટના માધ્યમથી વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વી.સી.ઈ.) ખેડૂતોના માર્ગદર્શન તરીકે કામગીરી કરશે અને ઈ-ગ્રામ સેન્ટર ખેડૂત સહાય સેન્ટર તરીકે ઉભરી આવશે. વી.સી.ઈ. અને ગ્રામ પંચાયતને આ સેવાથી આવકનો વધુ એક સોર્સ ઉભો થશે. બીવીજી ઈન્ડિયા ૬૦હજાર કરતા વધારે કર્મચારીઓ સાથે ઈન્ટીગ્રેટેડ ફેસીલીટી મેનેજમેન્ટ સર્વિસ



આપતી ભારતની મોટી કંપની છે. રાષ્ટ્રપતિ ભવન, પ્રધાનમંત્રી કાર્યાલય અને નિવાસ્થાન, સંસદ ભવન, સુપ્રીમ કોર્ટ, તાજમહેલ, ૧૫ એરપોર્ટ્સ ખ્યાતનામ કોર્પોરેટ કંપનીઓ આ બધી જ જગ્યાઓનું ફેસીલીટી મેનેજમેન્ટ બીવીજીને હસ્તક છે.

# રાયપુર ગામેથી જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામમાંથી જુગાર રમતા ચાર જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે દાવ પરથી રૂ.૩૫૦ અને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૩૩૮૦ મળી કુલ રૂ.૩૭૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચારેય જુગારી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ડભોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પીએસઆઈ એ.એ.વછેટાના માર્ગદર્શન હેઠળ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમયે મહોબતસિંહ રમણસિંહને બાતમી મળી હતી કે રાયપુર ગામમાં ઠાકોરવાસમાં રોહિત ભલાજી ઠાકોરના ઘરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા પોલીસના હાથે જુગાર રમી રહેલા રાયપુર ગામના ૩૦ વર્ષિય રોહિત ભલાજી ઠાકોર, નરોડા ઠાકોરવાસ ખાતે રહેતા ૩૧ વર્ષિય ચિરાગ કનુજી ઠાકોર, દહેગામ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા ૩૨ વર્ષિય જયદેવ સોમાભાઈ ઠાકોર, અને હંસપુરા નરોડા ખાતે રહેતા ૨૯ વર્ષિય દિપકકુમાર ચિમનજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસને દાવ પરથી રોકડ રૂ.૩૫૦ અને અંગજડતી દરમિયાન રૂ.૩૩૮૦ મળી કુલ રૂ.૩૭૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શિવશકિત મંદિર ખ-૭ પાસેથી એકટીવાની ઉઠાંતરી

શહેરના સેકટર-૨૭ પ્લોટ નં.૯૫૩ શિવશકિત સોસાયટી ખાતે રહેતા ચતુરજી કાંતિજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને ખ-૭ સમર્પણ સર્કલ ખાતે ચાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ઘરે થી ચાની લારી પર આવન જાવન માટે એકટીવા નં. જી.જે.૧૮.સી.એન.-૬૭૧૪ નો ઉપયોગ કરતા હતા. ગત તા.૩૦ ના રોજ ચતુરજી બપોરના સમયે શિવશકિત મંદિર પાસે બપોરના બે વાગ્યાના અરસામાં એકટીવા મુકીને જમવા માટે ગયા હતા. થોડીવારમાં જમીને પરત આવીને જોયુ તો એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું.

## શહેરના સર્કલોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી ન હતી જેના લીધે સર્કલો કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. વાઈબ્રન્ટ આવતા હવે સર્કલોની સુંદરતા નિખારવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. સર્કલોની સફાઈ તેમજ રંગરોગાન ઉપરાંત લાઈટીંગની સજાવટ કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. તંત્ર કક્ષાએથી આ મામલે ૨૭ જેટલા સર્કલોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં સર્કલોની જાળવણીની જવાબદારી વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવ્યા બાદ વાઈબ્રન્ટ દરમિયાન પણ સર્કલોની અંદર સફાઈ તેમજ રંગરોગાનનુ કામ પણ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ દરમિયાન મુખ્યમાર્ગોની વચાળે સ્થિત સર્કલોની પણ રોનક નિખરે તે માટે સર્કલોને પણ રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. સર્કલોની અંદર તેમજ બહારની કીનારે પણ રોશની ઝગમગતી જોવા મળશે. રાત્રિ દરમિયાન શહેરમાં વાઈબ્રન્ટ નઝારો નિખરશે શહેરના વિવિધ માર્ગો તેમજ વન આરક્ષિત વિસ્તાર ઈમારતો અને સર્કલો સહીત મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્કનો વિસ્તાર રંગબેરંગી રોશનીથી જગમગતો જોવા મળશે.

## ૧૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુઘડ ગામેથી પણ એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે.

સે. ૨૬માંથી એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ મુંબઈની મુલાકાત લીધી હતી. આ દર્દીને સારવાર માટે ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલ કુડાસણ ગામે આ વખતે પણ હોટસ્પોટ બની ઉભરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે. કુડાસણમાં આજે પાંચ કેસ નોંધાયા છે.

કુડાસણમાં એક ૩૪ વર્ષીય મહિલા જે મુંબઈથી પરત આવી છે અને તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાં ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાં ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ ઔરંગાબાદની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે. ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તે પણ ઔરંગાબાદ ગઈ પરત ફરી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપારંત એક ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૪ માં એક ૧૮ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩ માંએક ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો સે. ૧૯માં એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૯નો યુવાન મુંબઈના પ્રવાસે ગયો હોવાનું જાણવા મળેલ છે.

સરગાસણમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે. આ દર્દીએ જયપુરનો પ્રવાસ કર્યો હોવાનું જાણવા મળેલ છે. અમદાવાદ અપડાઉન કરતા એક ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૨૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જે દિલ્હીના પ્રવાસે ગયો હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે એટલુ જ નહિ સર્વેલન્સની સાથે હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી પણ અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં હાલ એકટીવ કેસની સંખ્યા ૭૦ થી વધુ છે તેમજ ૧૨૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## નવ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂચનાઓ આપી છે. આ પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગાંધીનગરમાં આવેલ કસ્તુરીનગર શેરથા ખાતે પણ આજે વધુ એક કેસ કોરોનાનો નોંધાયો છે.

જિલ્લામાં કેસોની સંખ્યા વધી રહી છે અને તંત્રએ હવે દર્દીઓના સંપર્કમાં આવેલ લોકોની યાદી તૈયાર કરી અને તે તમામને ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરી છે.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં જ ૪૫ કેસ નોંધાતા તંત્ર પણ બેકાબુ બની ગયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૪૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૩૪૦ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લાતંત્રએ ટેસ્ટીંગ વધારવા સાથે હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી કડક રીતે કરવામાં આવે તેવી સૂચનાઓ આપી છે.

જિલ્લાતંત્રએ સઘન સર્વેલન્સ કરવા સાથે સાથે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટે પણ કડક તાકીદ કરી છે.

## દૂર કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ગંદકી દુર કરી મુખ્યમાર્ગોની સુંદરતા નિખારવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જયારે ગાંધીનગર શહેર નજીકના વિવિધ માર્ગો પર પણ વાઈબ્રન્ટને અનુલક્ષી સુશોભન અને સલામતીના પરિબળોને યોગ્ય કરવામાં આવી રહ્યા છે. એકબાજુ ચ-૦ થી ઈન્દિરાબ્રિજ તરફ જતા માર્ગનુ પણ કામ પુર્ણ કરી દેવાયુ છે. એરપોર્ટ સાથે જોડાયેલા માર્ગોની આસપાસ સફાઈ સહીત સલામતીને અનુલક્ષી જરૂરી કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત આજે અડાલજથી ત્રિમંદિર તરફ જવાના માર્ગ આસપાસ લાંબા સમયથી સ્થિત કોર્મશિયલ દબાણો પણ દુર કરવામાં આવ્યા હતા. આ રૂટમાં માર્ગ આસપાસ સ્થિત ૭૦ જેટલા હોટલ રેસ્ટોરન્ટના શેડ તેમજ વિવિધ પ્રકારના હોર્ડીંગ્સ ઉભા કરી દેવાયા હતા. આ ઉપરાંત અન્ય પ્રકારના નાના મોટા દબાણોથી પણ આ માર્ગ ઘેરાયેલો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આજે ચાર જેસીબી મશીન અને પોલીસ પહેરા વચ્ચે દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં માર્ગ મકાન વિભાગ સહીત વિવિધ વિભાગના સ્ટાફના ૮૦ જેટલા કર્મચારીઓએ સ્થળ પર હાજર રહી દબાણો દુર કરાવવા માટે કામગીરી હાથ ધરી હતી. આ દરમિયન આજે ૫૦ જેટલા દબાણોનો કડુસલો કરાયો હતો જયારે આજે પણ દબાણો દુર કરવાની કામગીરી ચાલુ રહેશે લાંબા સમયથી આ માર્ગ આસપાસ દબાણો વધતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા જોવા છે. ટ્રાફિકની અવરજવરમાં પણ દબાણોના લીધે માર્ગ વચાળે પાર્ક થયેલા વાહનો અડચણરૂ બનતા હોવાનો આક્રોશ વધ્યો હતો. જયારે અડાલજમાં કલેવર લીફ સહીતની અન્ય કામગીરીના લીધે પણ દબાણો નડતરરૂપ થાય તેમ હોવાથી વાઈબ્રન્ટ નજીક આવતા દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ આજથી ઝુંબેશ હાથ ધરી છે. મંગળવારે પણ બાકી રહેતા અન્ય દબાણો દુર કરાશે

## શાળાઓ બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સંલગ્ન છે તે બંધ રહેશે. તાત્કાલિક ધોરણથી ધોરણ ૧થી ૯ અને ધોરણ ૧૧ની શાળાકીય પ્રવૃતિ ઓનલાઈન મોડથી કરવામાં આવશે. શાળાઓ દ્વારા ૩૧ જાન્યુઆરી ૨૦૨૨ સુધી ઓનલાઈન કલાસ ચાલુ રાખવામાં આવશે અને ત્યારબાદની કોરોનાના કેસોની સ્થિતિ અંગે સમીક્ષા કરી નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દેશમાં આજથી ૧૫થી ૧૮ વર્ષના વયજૂથ માટે રસીકરણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

બાળકોના રસીકરણ અંગે બીએમસીએ આશા વ્યક્ત કરતાં કહ્યું કે જાન્યુઆરીના અંત સુધીમાં ૧૫થી ૧૮ વર્ષના તમામ ૪.૫ લાખ બાળકોનું રસીકરણ કરી દેવામાં આવશે. બે અઠવાડિયાના સમયમાં મુંબઈમાં પોઝિટિવિટી રેટ ૧ ટકાથી વધીને ૧૭ ટકા થઈ ગયો છે.

## ૬૦ને કોરોના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેસ્ટનુ રિઝલ્ટ આવ્યા પહેલા કોઈને પણ જહાજમાંથી ઉતરવાની મનાઈ કરી છે. ક્રૂઝ વર્તમાનમાં મોરમુગાઓ પોર્ટ ક્રૂઝ ટર્મિનલની પાસે છે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટે ક્રૂઝને ગોવામાં ઉભા રાખવાની અનુમતિ આપી નથી. ક્રૂ સદસ્ય એન્ટિજન તપાસમાં પોઝીટીવ આવ્યા છે. જોકે હજુ સુધી માત્ર એક જ ક્રૂ સ્ટાફ સંક્રમિત આવ્યા છે અને બાકી તમામની કોરોના ટેસ્ટ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

## ૧૦ વર્ષ જૂના

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનોને અનિવાર્ય રીતે સ્ક્રેપ એટલે કે નષ્ટ કરવામાં આવશે. આવા વાહન જો રસ્તા પર ચાલતા જોવા મળ્યા તો તેમને તત્કાલ જપ્ત કરી લેવામાં આવશે. વાહન માલિક પર દંડ કરવામાં આવશે અને તેમના વાહન ટ્રાન્સપોર્ટ વિભાગના લાઈસેન્સડ સ્ક્રેપરને સોંપવામાં આવશે. અહીં સ્ક્રેપર વાહનને ટો કરવાની વ્યવસ્થા કરશે અને આપના વાહનને સ્ક્રેપેજ સેન્ટર મોકલવામાં આવશે. જો ઘટના પર સ્ક્રેપર નહીં આવી રહ્યુ તો સ્થાનિક પોલીસની પાસે આ વાહનને જપ્ત કરવાનો અધિકાર હશે અને આને પોલીસ દ્વારા સ્ક્રેપિંગ યાર્ડ મોકલવામાં આવશે.

કુલ ૧,૦૧,૨૪૭ વાહન જેમનુ રજિસ્ટ્રેશન કેન્સલ કરવામાં આવ્યુ છે જેમાં ૮૭,૦૦૦ કાર, માલ વાહક, બસ અને ટ્રેક્ટર સામેલ છે. તેમને ઈલેક્ટ્રિક વાહનમાં બદલવા માટે દિલ્હી સરકારે ૮ ઈલેક્ટ્રિક કિટ નિર્માતાઓને અનુમતિ આપી છે. આ સિવાય રાજ્ય સરકાર હજુ પણ કેટલાક નિર્માતાઓ પાસેથી આ કામમાં નફો કરવા માટે વાત કરી રહી છે. જેમાં બે અને ત્રણ પૈડાવાળા વાહન સામેલ છે જેમને નેશનલ ગ્રીન ટ્રિબ્યૂન દ્વારા રસ્તા પર ચાલવાની અનુમતિ મળી રહી નથી. ઓટોમોટિવ વિશેષજ્ઞોનુ કહેવુ છે કે બેટરીની ક્ષમતાના હિસાબે જૂની પેટ્રોલ અને ડીઝલ કારને ઈલેક્ટ્રિક કારમાં બદલવા પર ૩-૫ લાખ રૂપિયાનો ખર્ચ વાહન માલિકોને આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT · Birla White THE WHITEST WHITE CEMENT · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ